EDI

Divyabhaskar

August 15, 2015
Page 2

### 121 બિઝનેસ સ્કૂલોમાં એડમિશનનો માપદંડ

# બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટે 'ઝેટ' જાન્યુઆરીમાં લેવાશે

### ઝેવિયર સ્કૂલ ઓફ મેન્જ. માટે પરીક્ષા લેવાય છે

### ગઈ વખતે 90 હજારથી વધુ ઉમેદવારે ઝેટ આપી હતી

એજ્યુકેશન રિપોર્ટર. અમદાવાદ

ભારતમાં બિઝનેસ સ્કુલમાં પ્રવેશ માટે લેવામાં આવતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(કેટ) પછી સૌથી મોટી એન્ટ્રન્સ ટેસ્ટ ઝેવિયર એપ્ટીટ્યુડ ટેસ્ટ (ઝેટ) છે અને વર્ષ 2015માં 90 હજારથી વધારે ઉમેદવારોએ આ પ્રવેશ પરીક્ષા આપી હતી.

રાજસ્થાનના જમશેદપુરમાં આવેલી ઝેવિયર સ્કુલ ઓફ મેનેજમેન્ટમાં પ્રવેશ માટે ઝેટ લેવામાં આવે છે અને દેશમાં 121 બિઝનેસ સ્કૂલો ઝેટના સ્કોરના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે. ગુજરાતમાં જાણીતી આંત્રપેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ઈડીઆઈ) સહિતની કેટલીક બિઝનેસ સ્કૂલો દ્વારા ઝેટના સ્કોર પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

ઝેટ 2016નું આયોજન હવે આવતા વર્ષે ત્રીજી જાન્યુઆરીના રોજ કરવામાં આવનાર છે.

છેલ્લા 60 વર્ષથી ઝેટ યોજવામાં આવે છે અને ગુજરાતમાંથી પણ સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આ ટેસ્ટ આપે છે.

### અમદાવાદ, સુરત, વડોદરામાં યોજાશે

ગુજરાતમાં આ ટેસ્ટ અમદાવાદ, સુરત અને વડોદરામાં યોજવામાં આવે છે. આ ટેસ્ટ પેન-પેપર બેઝ્ડ છે અને દેશનાં 47 શહેરોમાં ત્રીજી જાન્યુઆરી સવારે 10.30થી 1.30 સુધી લેવામાં આવશે. આ ટેસ્ટમાં એમસીક્યુ ઉપરાંત એસે રાઈટીંગના પ્રશ્નો પુછવામાં આવે છે. એમસીક્યુ 150 મિનિટમાં અને એસે રાઈટીંગ 30 મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે.